**ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા**
**રજત જયંતિ (૧૯૮૮-૨૦૧૩) નિમિત્તે**
**ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન**

૧૯૮૮થી અસ્તિત્વમાં આવેલાં ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રની રજત જયંતિ નિમિત્તે ૨૦૧૩ ની ૧૬ મી ઓગસ્ટે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન થયું; જેમાં વિભાગના M.R.M., M.Phil., અને Ph.D.ની પદવી ગ્રહણ કરી ચૂકેલા 81 ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપીને પરિવારના આ પ્રસંગમાં રંગ ભર્યા.

સૌ સાથે મળીને અતિતના સ્મરણોને વાગોળીએ, ભાવિના સપના ઘડીએ અને એ સપનાઓને સ્વરૂપ આપવા માટે વર્તમાનની પ્રત્યેક પળનો સર્વોત્તમ ઉપયોગ કરીને આયોજન કરીએ-એવો જ કાંઇક ઉદ્દેશ હતો આ સમારંભનો.

મહેમાન બની ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયા બાદ ગૂજરાત વિદ્યાપીઠની પરંપરા અને સંસ્કૃતિ મુજબ કાર્યક્રમનો મંગલ પ્રારંભ થયો- સર્વધર્મ પ્રાર્થનાથી. M.R.M. ની પ્રથમ બેચના પ્રથમ વિદ્યાર્થી અને આજના ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રના અધ્યક્ષ ડો. રાજીવ પટેલે તમામ વિદ્યાર્થીઓને મીઠો શાબ્દિક આવકાર આપ્યો. તેમણે વિદ્યાર્થીજીવનના અનુભવો વાગોળ્યા. 25 વર્ષોથી સંસ્થાના ઉતાર-ચઢાવના પ્રત્યક્ષ સાક્ષી તરીકે તેમણે વિભાગના આયોજન, અપેક્ષાઓ, મુશ્કેલીઓ અને ઉપલબ્ધીઓની વાતો કરી અને આવા આયોજન દ્વારા સંસ્થા સાથે વધુ ને વધુ આત્મિયતાપૂર્વક સંપર્કમાં રહેવા દરેક વિદ્યાર્થીને આહવાન કર્યું.




ત્યાર બાદ આમંત્રિત દરેકે પોતપોતાનો પરિચય આપ્યો. કેટલાંકે વિદ્યાર્થીકાળના



સંસ્મરણો તાજા કર્યા; તો કેટલાંકે વિદ્યાર્થી તરીકે મેળવેલ કેળવણીની વાસ્તવિક જીવનમાં રહેલી ઉપયોગિતાની વિસ્તૃત વાતો કરી. પ્રગતિના શિખરો સર કરી રહેલા વિદ્યાર્થીઓની વાતોમાં વિભાગ પ્રત્યેનો અહોભાવ છલકાઇ રહ્યો અને જૂના વિદ્યાર્થીઓની અનુભવગાથા હાલના વિદ્યાર્થીઓ માટે અસરકારક માર્ગદર્શકની ભૂમિકા ભજવી ગઇ....



ડો. સતિષભાઇ પટેલે વિભાગની 'આજ-કાલ અને આજ...' પર પ્રકાશ પાડ્યો. જેમાં મુખ્યત્વે હાલના અભ્યાસક્રમની રૂપરેખા, ટેકનોલોજી ક્ષેત્રે વિભાગના પ્રયત્નો, ભવિષ્યની યોજનાઓ અને વિભાગની સિધ્ધિઓ પર ભાર મૂક્યો.



શ્રી મધુસુદન મકવાણાએ એક વિદ્યાર્થી તેમજ સેવક તરીકેના પોતાના વિભાગ સાથેના લાગણીસભર જોડાણની વાત કરી; અને સંસ્થાના દરેક સેવકની લાક્ષણિકતાઓ સાથે રહીને કામ કરવાના પોતાના અનુભવો વર્ણવ્યા. તેમણે કહ્યું કે વિદ્યાર્થીની માનસિકતામાં બદલાવની જરૂર છે. ફક્ત નોકરી મેળવવા માટે ડિગ્રી પાછળ દોડવાને બદલે યોગ્ય દિશામાં પ્રયત્નોકરી પોતાની ઓળખ ઊભી કરવાની આવશ્યકતા છે. તેમજ તેણે વિભાગની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવા તત્પર રહેવું જોઇએ. આ ઉપરાંત તેમણે અન્ય Management Universities ની માફક M.R.M. માં પણ Specialisation ના વિષયો ઉમેરવાની અપેક્ષા પણ વ્યક્ત કરી.



શ્રી રાકેશભાઇએ વિભાગના સેવકોને બાગબાનનું બિરૂદ આપીને પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો. વિભાગમાંથી શીખેલા જીવન-વ્યવસ્થાપનના સિધ્ધાંતોની વાત કરી. પોતાની પ્રગતિ, ઉપલબ્ધીઓ,

સફળતા અને અનુભવોની અભિવ્યક્ત કર્યા તેમજ વિદ્યાપીઠના વિદ્યાર્થી તરિકેની પોતાની આગવી ઓળખ ઊભી કરવા હાલના વિદ્યાર્થીઓને આહવાન પણ કર્યું.

આ ઉપરાંત પધારેલ કેટલાંક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવો, સુચનો તથા મંતવ્યો રજૂ કર્યા. અને વિભાગના વરિષ્ઠ અધ્યાપિકા ડો. મયૂરીબેન ફાર્મરે આભારવિધિ કરીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.



ચર્ચાના અંતે સૌએ સ્વરૂચિ ભોજનનો આસ્વાદ માણતાં માણતાં વિદ્યાર્થી જીવનના યાદગાર પ્રસંગો વાગોળ્યા.









દરેક બેચમાંથી એક વિદ્યાર્થીએ તેમની બેચના દરેક વિદ્યાર્થીનો સંપર્ક કરી તે માહિતીનું સંકલન કરવાની જવાબાદારી સ્વિકારી, જે નીચે મુજબ છે:

| ક્રમ | વર્ષ | જવાબદારી |
|---|---|---|
| 1. | ૧૯૯૦ | નૈષધભાઇ |
| 2. | ૧૯૯૧ | નૈષધભાઇ |
| 3. | ૧૯૯૨ | લોકેશભાઇ |
| 4. | ૧૯૯૩ | - |
| 5. | ૧૯૯૪ | - |
| 6. | ૧૯૯૫ | શૈલેષભાઇ |
| 7. | ૧૯૯૬ | રાકેશભાઇ |
| 8. | ૧૯૯૭ | મનહરભાઇ |
| 9. | ૧૯૯૮ | - |
| 10. | ૧૯૯૯ | દિનેશભાઇ |
| 11. | ૨૦૦૦ | સ્નેહલભાઇ |
| 12. | ૨૦૦૧ | - |
| 13. | ૨૦૦૨ | ઉપેન્દ્રભાઇ |
| 14. | ૨૦૦૩ | વિક્રમભાઇ, ધ્રુવભાઇ, મુકેશભાઇ, અકલીમાબેન |
| 15. | ૨૦૦૪ | નિતીનભાઇ |
| 16. | ૨૦૦૫ | નિરંજનભાઇ |
| 17. | ૨૦૦૬ | જલ્પાબેન |
| 18. | ૨૦૦૭ | ઘનશ્યામભાઇ, રાંધેજા |
| 19. | ૨૦૦૮ | મિનલબેન,મનીષભાઇ |
| 20. | ૨૦૦૯ | પ્રદિપભાઇ |
| 21. | ૨૦૧૦ | અજીત સેલત |
| 22. | ૨૦૧૧ | નરેન્દ્રભાઇ, રોશનભાઇ |
| 23. | ૨૦૧૨ | રિકેનભાઇ |
| 24. | ૨૦૧૩ | વાહિદખાન |
| 25. | ૨૦૧૪ | |

ગ્રામ વ્યવસ્થાપન પારંગતના હાલના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌ કોઇમાં ઉત્સાહ રેડી દીધો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમમાં જોડાઇને પોતાના વિદ્યાર્થીકાળના સંભારણામાં સરી ગયા. અંતમાં ગરબાની રમઝટે વાતાવરણને આનંદિત બનાવી દીધુ.









આ સાથે જ ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજાની રજત જયંતિ (૧૯૮૮-૨૦૧૩) નિમિત્તે યોજાયેલ આ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલનનું સમાપન થયું, જેનું સફળ સંચાલન વિભાગના અધ્યાપિકા અમીષાબેન શાહે કર્યુ હતું.

